a PROJECT **REPORT**

HEART OF EDUCATION is EDUCATION OF HEART

OASIS

**Oasis Publications**

# હાકલ

જોઈએ છે ભારતને
આવાં વીરો અને વીરાંગનાઓ

*a book & project report by* ***Oasis Movement***



***Arise, awake*** *and*
***stop not*** *till the goal is* ***reached!***
***- Swami Vivekananda***

# CONTENT**INDEX**


| | |
|---|---|
| ‘હાકલ’ પુસ્તક શા માટે વાંચવું જોઈએ અને તેની ખાસિયતો | **01** |
| ‘હાકલ’ પુસ્તક વિશે... | 02 |
| સ્વામી વિવેકાનંદના મતે ‘ઉતિષ્ઠ જાગ્રત’નો અભય સંદેશ | **03** |
| મડદાંમાં પણ પ્રાણ ફૂંકે એવાં સ્વામી વિવેકાનંદના વચનો... | 04 |
| ‘હાકલ’ પુસ્તકનું વિમોચન | **05** |
| વાચકોના અનુભવો | 06 |
| હાકલ કેમ્પની ઝાંખી... | **07** |
| શિબિરના સહભાગીઓના પ્રતિભાવો | 09 |
| ફેસીલીટેટરના પ્રતિભાવો | **10** |
| હાકલ કેમ્પની આંકડાકીય માહિતી | 11 |
| ઓએસિસનાં અન્ય પ્રકાશનો વિશે માહિતી | **12** |


HEART OF EDUCATION is EDUCATION OF HEART

OASIS

# Oasis Publications

# હાકલ

જોઈએ છે ભારતને
આવાં વીરો અને વીરાંગનાઓ




***Cultivating** the seeds of*
***self-belief** through*
*Haakal Camps*

# • 'હાકલ' પુસ્તક શા માટે વાંચવું જોઈએ અને તેની ખાસિયતો

*સ્વામી વિવેકાનંદના જન્મને ૧૫૬ વર્ષ*
*અને દેહ છોડ્યાને ૧૧૭ વર્ષ થયા...*
*તેમનો જીવનકાળ સમયની દૃષ્ટિએ ૩૯ વર્ષનો હતો,*
*પરંતુ તેઓ આજે પણ કેટલા જીવિત છે!*
*પેઢીઓ અને સંસ્કૃતિઓ આવે છે અને જાય છે,*
*તેમની વાણીની તાજગી હજુ લીલીછમ છે!*
*ખરેખર મડદામાં પણ પ્રાણ ફૂંકી શકે તેવી શક્તિ*
*સ્વામી વિવેકાનંદનાં વચનોમાં છે, તે નિર્વિવાદ છે.*
*અનેકાનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સાક્ષી પૂરશે,*
*કે સ્વામીજીનાં વચનોમાંથી તેમણે પ્રેરણા-ઘૂંટ પીધાં છે.*
*ઓએસિસ પણ આ ઋણ અનુભવે છે ને સ્વીકારે છે,*
*અને કૃતજ્ઞતાથી આ પુસ્તકરૂપી નમ્ર અંજલિ અર્પે છે...*

## પુસ્તકની ખાસિયતો

- પુસ્તકની ૫૦,૦૦૦ નકલો આગોતરી નોંધાયા બાદ પુસ્તક પ્રકાશિત થયું. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જવલ્લે જ બનતી આ ઘટના છે.
- કુલ ૫૦,૦૦૦ નકલો પૈકી આશરે ૪૨,૩૦૦ જેટલી નકલો યુવાનોને તથા વિદ્યાર્થીઓને એક દિવસીય શિબિર કરી ભેટ આપવામાં આવી રહી છે, જેથી યુવાનો સ્વામી વિવેકાનંદના પ્રચંડ વિચારો પોતાના જીવનની સાપેક્ષે સમજી શકે અને પુસ્તક વાંચવા પ્રેરાય. અન્ય નકલો શિક્ષણ સાથે સંકળાયેલા અથવા જીવન-પ્રેમી વ્યક્તિઓમાં પ્રસારિત કરવામાં આવી. (શિબિર અંગે સહભાગીઓના પ્રતિભાવ આગળ ઉપર પ્રસ્તુત કરેલ છે)
- ઓએસિસ દ્વારા પ્રકાશિત આ પુસ્તક સ્વામી વિવેકાનંદના વિચારોનું શ્રેષ્ઠ સંકલન છે - આ પુસ્તકમાં રજૂ કરેલ વિચારો સ્વામી વિવેકાનંદનાં અનેક પુસ્તકોમાંથી વીણી વીણીને લેવામાં આવ્યા છે. તેમને સાત વિભાગોમાં વહેંચવામાં આવ્યા - આહ્વાન, જ્ઞાનયોગ, રાષ્ટ્રપ્રેમ, કર્મયોગ, કેળવણી, ધર્મ, અધ્યાત્મ. વિષયોની વિવિધતા, વિભાગ અનુસાર રજુઆત, ક્રમબદ્ધતા, મથાળાં....આ બધાને કારણે પુસ્તકને અત્યંત સમૃદ્ધ અને વાંચવામાં રસ જગાડે તેવું તૈયાર થયું છે.
- ગુજરાતી ભાષામાં તૈયાર કરેલ 'હાકલ' પુસ્તકની લોકપ્રિયતાને જોઈ અન્ય ભાષાઓમાં પણ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવશે.

## • 'હાકલ' પુસ્તક વિશે...

### જોઈએ છે ભારતને આવાં વીરો અને વીરાંગનાઓ

જેઓ બહારની વાત કે વ્યક્તિ પર દોષારોપણ ન કરવાનો દૃઢ નિશ્ચય કરે,
પોતાને જ દોષપાત્ર ગણે, પોતાની જાતને જ બરાબર પકડે, કેમ કે આ જ સાચું છે.

જેઓ રડવાનું અને ફરિયાદો છોડી મર્દ બનાવે તેવા ધર્મ, સિદ્ધાંતો
અને કેળવણીનો સ્વીકાર કરે, અને તેમના પ્રસ્થાપન માટે મથે.

જેઓ હિંમતવાન અને સાહસિક બને, વિકટ અથડામણોથી ન ડરે,
સત્યનો ત્યાગ કરાવે તેવાં પ્રલોભનોનો દિવ્ય બળથી સામનો કરે.

જેઓ ખાનગીમાં નિંદા, નકામા વાદવિવાદ અને નિરર્થક તકરારથી દૂર રહે;
બધા ગુમાની વિચારો છોડે ને દરેક કક્ષાના માણસો પ્રત્યે મમતા દર્શાવે.

જે કાંઈ પણ માંગે નહીં, કાંઈ બદલો ઇચ્છે નહીં; જે આપવાનું હોય
તે આપી દે અને શ્રધ્ધા રાખે કે તે હજારગણું પાછું આવશે.

જેઓ અચળ શ્રદ્ધા રાખે છે કે મહાન કાર્ય કરવા માટે તેઓ સર્જાયા છે
અને જેઓ આકાશ તૂટી પડે છતાં ટટ્ટાર ખડાં રહી કામ કરતાં રહે.

જેમનામાં હિમાલય સમા વિઘ્નો ઓળંગવાની પ્રચંડ ઇચ્છાશક્તિ હોય,
આખી દુનિયા વિરુદ્ધ હોય તો પણ સત્યને અનુસરવાની હિંમત હોય.

જેમનું સર્વસ્વ હરાઈ જાય, નામ ભૂંસાઈ જાય, કુટુંબ વિરોધ કરે,
છતાં જેઓ સત્યને વળગી રહે અને લક્ષ્યસ્થાન ચૂકે નહીં.

*(સ્વામી વિવેકાનંદના વિચારોમાંથી સંપાદિત)*

**સ્વામી વિવેકાનંદ સમયની દૃષ્ટિએ ઓગણચાળીસ વર્ષના;**
**સંસ્કૃતિની દૃષ્ટિએ યુગોના...**

# • સ્વામી વિવેકાનંદના મતે 'ઉતિષ્ઠ જાગ્રત'નો અભય સંદેશ

દેહમાં કશી તાકાત વિનાના, હૃદયમાં કોઈ ઉત્સાહ વિનાના અને મગજમાં જરાય મૌલિકતા વિનાના આ જડ પદાર્થના લોચા જેવા માણસો શું કરી શકવાના છે? તેમનામાં ઉત્સાહ લાવીને મારે તેઓમાં પ્રાણ પૂરવા છે– આ કાર્ય માટે મેં મારું જીવન અર્પણ કર્યું છે. વૈદિક મંત્રોની અમુક શક્તિથી હું તેમને જાગ્રત કરીશ. તેમની પાસે 'ઉત્તિષ્ઠ જાગ્રત'ના અભય સંદેશની ઉદ્‌ઘોષણા કરવા મેં જન્મ લીધો છે.

હું જગતમાં માનવજાતિનો નવો જ વર્ગ ઊભો કરવા માંગું છું, જે અંતઃકરણપૂર્વક ઈશ્વરમાં માનતો હોય અને જેને દુનિયાની કંઈ પડી ન હોય.

ભારતવર્ષની જનતાનો ઉદ્ધાર કરવાના કર્તવ્યમાં, એ એક માત્ર કર્તવ્યમાં મન-પ્રાણને સમર્પી શકે તેવા યુવાનો વચ્ચે જઈને કાર્ય કરો. એમને જાગ્રત કરો, સંગઠિત કરો, અને ત્યાગની આ ભાવનાથી પ્રેરિત કરો; આ સર્વ કાર્યનો આધાર સંપૂર્ણ રીતે ભારતના યુવાનો ઉપર જ છે.

આ યુવકોને સંગઠિત કરવા હું જન્મ્યો છું, એટલું જ નહીં, પ્રત્યેક શહેરમાં સેંકડો યુવકો મારી સાથે જોડાવા તૈયાર છે. ભારતમાં ગરીબમાં ગરીબ અને પદદલિત લોકોના દ્વાર સુધી સુખ, નીતિ, ધર્મ, શિક્ષણ પહોંચાડવા અપ્રતિરોધ્ય જુવાળની માફક મારે એમને મોકલવા છે. આ હું કરીશ કે મરીશ.

***~ સ્વામી વિવેકાનંદ***

હવે મારી એકમાત્ર ઇચ્છા આ દેશને–
આ સૂતેલા વિરાટને–
જેને પોતાની શક્તિમાં કોઈ શ્રદ્ધા રહી નથી
અને જે કશો પ્રતિભાવ આપતો નથી,
તેને જાગ્રત કરવાની છે.
જો હું તેને સનાતન ધર્મના ભાવ પરત્વે જાગ્રત કરું
તો શ્રી રામકૃષ્ણનો અવતાર
અને મારો જન્મ સફળ થયો ગણીશ.
મારા હૃદયની આ એક જ ઇચ્છા છે.
મુક્તિ અને બીજું બધું
મને કંઈ વિસાતમાં લાગતું નથી.

***~ સ્વામી વિવેકાનંદ***


# • મડદાંમાં પણ પ્રાણ ફૂંકે એવાં સ્વામી વિવેકાનંદના વચનો...


| |
|---|
| મર્દ બનો – તમારા દેશને વીરોની જરૂર છે! |
| શક્તિમાન બનો! સામર્થ્યવાન, તાકાતવાન બનો! |
| ઈશ્વર પર શ્રદ્ધા પહેલાં પોતાનામાં શ્રદ્ધા રાખો. |
| આપણને સુધારાનાં થીંગડાંની નહીં, વિકાસની જરૂર છે. |
| સ્ત્રીઓનું સન્માન કરીને જ પ્રજા મહાન બની શકે! |
| યુનિવર્સિટીઓ પરીક્ષા લેનારી સંસ્થાઓ માત્ર છે. |
| જીવન અલ્પકાલીન, સંસારના મોજશોખ ક્ષણભંગુર છે. |
| પડ્યા પડ્યા કટાઈ જવા કરતાં ઘસાઈને મરવું સારું. |
| જે ધર્મ આંસુ ન લૂછે તે ધર્મમાં હું માનતો નથી |
| નવયુવકો! રક્તમાં ઉત્સાહ ભરીને ઊઠો! |
| ઊઠ! જાગ! ઊભો થા ને યુદ્ધ કર! |
| છેલ્લા શ્વાસ લેવાતા હોય તો પણ ડરશો નહીં. |
| વહેમી બેવકૂફો બનવા કરતાં નાસ્તિક બનવું વધુ સારું છે. |
| મહાન કાર્યો હંમેશાં મહાન સમર્પણ માગે છે. |
| હું સત્યને જાણીશ અથવા તે પ્રયાસમાં જીવન ખતમ કરીશ. |
| નહીં આપો તો પણ છેવટે બધું આપી જ દેવું પડશે. |
| હાલની કેળવણી યુવાનોને ખાલી માંદલા બનાવે છે. |
| હાલની શિક્ષણપદ્ધતિ ગધેડાને મારી મારી ઘોડો બનાવવા મથી રહી છે. |

# • ‘હાકલ’ પુસ્તકનું વિમોચન

23 એપ્રિલ, 2018 ના રોજ ઓસિસ પ્રકાશન સ્વામી વિવેકાનંદના વિચારોના આધારે સંજીવ શાહનું પુસ્તક ‘હાકલ’નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટ ઓએસિસ વૅલીઝ, ચાણોદ ખાતે ડ્રીમ ઇન્ડિયા કૅમ્પમાં એક દિવસ દરમિયાન ગોઠવવામાં આવી હતી. ‘સ્વામી નિખિલેશ્વરનંદજી’ને ખાસ કરીને બુક લોન્ચ ઇવેન્ટ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું જે રામકૃષ્ણ મિશન, રાજકોટથી આવ્યા હતા. આ ઇવેન્ટમાં 91 બાળકોએ ભાગ લીધો હતો.

સ્વામીજીએ સ્વામી વિવેકાનંદના પુસ્તકોની જાદુઈ શક્તિ વિશે બાળકોને સમજાવ્યું અને તેમણે એમ પણ કહ્યું કે, “સ્વામી વિવેકાનંદને યુવાનોમાં ખૂબ વિશ્વાસ હતો અને તેઓ જ ભારતને આધ્યાત્મિકતામાં આખા વિશ્વમાં અગ્રેસર બનાવશે.”





"ચારિત્ર્ય નિર્માણ દ્વારા જ રાષ્ટ્ર નિર્માણ થશે ને તેને માટે ’હાકલ’ દેવી પડશે"

# • વાચકોના અનુભવો

First of all thank you very much for sharing Hakaal book and camp idea. Before doing anything, I picked up the book and I liked the TITLE itself called – Hakaal. I read it for two days and completed almost 50%. It was amazing feeling to read this book chapter by chapter.

- It created burst of energy in body and mind.

- All my past college days (Vivekandanji's book reading, session) were born live and created fire around me.

- Suddenly I got quadruple charged and forgot all negatives /issues/even challenges OR larger view of problem in corporate.

Immediately I closed the book…!! Why? Because I could not hold the energy it was generating. I decided not to read more chapters because only 50% of reading created so much energy and impact on my thinking and action. I did not touch that for 2 months. I was astonishing experience..!

Later I again opened book as I was to conduct Hakaal camp. But that I read with perspective of training. However energy level is constant and not declining.
Thanks a lot for such a nice book.

**- Nilesh Ranpura, Delivery Manager-ASIC eInfochips, Ahmedabad**

"હાકલ" પુસ્તકનું એક એક પાનું એક અલગ પુસ્તકની ગરજ સારે છે, કોઇ પણ પાનું વાંચો, હંમેશાં એમાંથી એક ઉર્જા મળે. આંતરિક નિરાશા ઘેરી વળે ત્યારે ચોક્કસ પૂરા જોશથી કંઈક કરવાની પ્રેરણા મળે. કોઈ પણ વ્યક્તિને હંમેશાં પોતાની શક્તિનો પરિચય કરાવતું અને જાગૃત રાખતું પુસ્તક. જેમને દેશ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના છે એમની પાસે આ પુસ્તક અચૂક હોવું જ જોઈએ, જે હંમેશાં વ્યક્તિને ઉચ્ચ ધ્યેય તરફ જવામાં ચોક્કસ મદદ કરશે.


**- પ્રતિકસિંહ પરમાર, Volunteer, નવસારી**

"Haakal is an amazing and thought changing book for youths. Once you take this book in your hand, you never feel to put it aside. I had started reading this book at 9 pm in the night and till 2 am I was reading it! That kind of strength is there in this book. And the language of the book is very firm and strong. At each and every sentence I was questioning myself. It's like I was dead but while reading this book somehow soul has entered into my body. Whenever I feel depressed and low in energy, this book makes me alive. The whole book is extremely energetic, and inspired me a lot, I have started doing introspection about myself, that actually am I a youth or not? and if yes then where is my youthfulness? This made me think deeply and awaken me from inside.

***- Aatmaja Soni, Psychology student, Vadodara***

# • હાકલ કેમ્પની ઝાંખી...

સ્વામી વિવેકાનંદના વિચારોને હજારો બાળકો તેમજ યુવાનો સુધી પહોંચાડવા માટે ઓએસિસે આ પુસ્તકનાં આધારે એક કેમ્પ ડિઝાઈન કર્યો જેનું નામ પણ 'હાકલ' જ રાખવામાં આવ્યું. આ કેમ્પનો મુખ્ય હેતુ યુવાનોને મદદ કરી તેમને તેમની શક્તિઓનો અહેસાસ કરાવી, તેમની અંદર રહેલી હિંમત અને આત્મવિશ્વાસથી હજારો નચિકેતાઓ ઊભા કરી સ્વામી વિવેકનંદના સ્વપ્નને સાકાર કરવાનો છે.



હાકલ- જે ભારતનાં યુવાનોને જાગવા કહે છે

*"હાકલ- એ અરીસો છે, જેનાં દ્વારા આપણે આપણાં અંદરની આંતરિક શક્તિઓ જોઈ શકીએ છીએ"*


યુવાનોએ કેમ્પ દ્વારા 'હાકલ'નાં જાદુનો અનુભવ કર્યો





ફૅસિલિટેટર યુવાનોને સ્વામી વિવેકાનંદના વિચારો દ્વારા પ્રેરિત કરે છે





ચર્ચા-વિચારણા

‘ગમે તે થાય, ચાહે દુનિયા આખી મારા વિરુદ્ધ હોય, મારા સ્વજનો મારા મિત્રો મારાથી દુર થઈ જાય, પરંતુ હું સચ્ચાઈ માટે હંમેશાં અડીખમ ઊભો રહીશ.’



ઉત્સાહી બાળકોનું ગ્રુપ

# • શિબિરના સહભાગીઓના પ્રતિભાવો



"આમ તો મેં ઘણી બધી શિબિરમાં હાજરી આપી છે. પણ ખાસ પોતાની અંદર રહેલી દરેક શક્તિને ઓળખવી અને આપણી અંદર રહેલી ખરાબ આદતોને બધાની વચ્ચે જણાવવી અને તેને દૂર કરવા માટે વચનબદ્ધ થવું તે સારાપણાનો વિચાર જીવનમાં હંમેશાં ઉપયોગી થશે."

**~ અનિરુદ્ધ જાડેજા**



આ કૅમ્પ દ્વારા મને ઘણું બધુ જાણવા મળ્યું છે. આ કૅમ્પ દ્વારા હું મારા જીવનની કેટલી બધી વસ્તુ જે હમણાં સુધી હું પોતાના વિશે ક્યારેય મહેસૂસ નથી કરી એ આજે મને કૅમ્પ દ્વારા જાણવા મળી. તેથી આ કૅમ્પ મને ખૂબ સારો લાગ્યો છે.

**~ પ્રિયંકા ચૈતવાર**

"મને આ શિબિરમાં પોતાના અનુભવો શેર કરવાની ખૂબ જ મજા આવી. કારણ કે પોતાના અનુભવો શેર કરવાની બીજી તક અમને બીજે ક્યાંય નથી મળી. આવી ઘણી બધી વાતો હતી જે આજ સુધી મેં મારા મમ્મી કે ઘરમાં કોઈને કહી ન હતી. પણ મેં અહીંયાં એ બધી વાત શેર કરી."

**- અંજલિ રબારી**

"શિબિરના સંચાલક શ્રીની નિખાલસતા તથા પોતાના અંગત અનુભવો ખુલ્લા દિલે વહેંચીને સમગ્ર ગ્રૂપના સભ્યો પર જે વિશ્વાસ મૂક્યો અને તમામ શિબિરાર્થીઓએ જે લાગણી-વિશ્વાસનું આદાન-પ્રદાન કર્યું તથા સંવેદનાની ગરિમા જાળવી તે ખૂબ જ ગમ્યું."

**~ ઉત્પલા વૈદ્ય**

# • ફૅસિલીટેટર્સના પ્રતિભાવો

"હાકલ એટલે કે આહ્વાન. 'ગમે તે થાય, ચાહે દુનિયા આખી મારા વિરુદ્ધ હોય, મારા સ્વજનો મારા મિત્રો મારાથી દુર થઈ જાય, પરંતુ હું સચ્ચાઈ માટે હંમેશાં અડીખમ ઊભો રહીશ.' આ તાકાત ઊભી કરવાનું કાર્ય હાકલ કરે છે. હું પોતે આ પુસ્તકમાંથી પ્રેરણા મેળવી આજે એનો ભેટો લોકો સાથે કરાવવાનો પ્રયત્ન કરું છું. મારાથી ઉંમરમાં નાના અને મોટા વ્યક્તિઓનાં કૅમ્પ લીધાં અને દરેક વ્યક્તિઓ સાથે કંઈક જુદો જ અનુભવ રહ્યો છે, સાથે પ્રેરણા પણ મેળવી છે. જેની મદદથી હું આજે પોતાની ઘણી બધી નબળાઈઓ પર વિજય પ્રાપ્ત કરી શકી છું."

**- દિંકલ ગાયકવાડ**

"હાકલ કેમ્પ લેવો એ ખરેખર હાકલ કરવા જેવી બાબત છે. મારા માટે પૂરો કૅમ્પ ખૂબ જ આનંદદાયક અને સ્ફૂર્તિ વાળો રહ્યો. ખબર પડી કે વાતાવરણ આપતાં તેમજ પોતાની એક નાનકડી અંગત વાત કહીને આપણે એક હૃદયનું જોડાણ લોકો સાથે કરી શકીએ છીએ, તે પણ આપણને ઘણી સહજતાથી તેમની અંગત વાત કહી જ શકે છે. કંઈક કરવાનો અહેસાસ કરાવે તેવો મજેદાર આ કૅમ્પ છે, જેને માણવા હું હંમેશાં તત્પર હોઉં છું."

**- વિનીત જૈન**

"હાકલને કારણે હું, આત્મનિરીક્ષણ એ સ્વવિકાસ અને જીવન વિકાસ માટે ખુબ લાભકારક બની રહે છે, તે સમજી શક્યો છું. ચારિત્ર્ય ઘડતરમાં અવરોધ ઊભો કરનારી મારી નાની નાની આદતોને, નબળાઈઓને બદલવાની કોશિશ કરવામાં સાચી શક્તિની જરૂર પડે છે, તે જાણી શક્યો. શરૂઆતમાં તો નબળાઈઓને ઓળખવામાં અને તેની કબૂલાત માટે ખૂબ હિંમતની જરૂર પડે છે, પણ તેને ઓળખીને જો તેના પર વિજય મેળવતા જઈએ તો અનોખા આનંદની અનુભૂતિ થાય છે. આપણે સૌ અનન્ય છીએ, અને એકમેકના સહયોગથી શ્રેષ્ઠ મનુષ્ય જીવન જીવી શકીએ છીએ, તે અંગેની શ્રધ્ધા આ હાકલથી મેળવી શક્યો છું."

**- નીતિન પટેલ**

# હાકલ કેમ્પની આંકડાકીય માહિતી

## ‘હાકલ’ પુસ્તકની ૫૦,૦૦૦ નકલોનો સમાજમાં પ્રસારઃ

| વિગત | પુસ્તકોની સંખ્યા |
|---|---|
| શિબિર થકી યુવાનો તથા વિદ્યાર્થીઓમાં ’હાકલ’ પુસ્તકનો પ્રસાર | ૪૨, ૩૦૦ |
| શિક્ષણ સાથે સંકળાયેલ તથા જીવનપ્રેમી વ્યક્તિઓને ભેટ | ૧,૦૫૦ |
| ઓએસિસના શુભેચ્છકોના પરિવારમાં પ્રસાર | ૬,૬૫૦ |

- ૪૨,૩૦૦ પુસ્તકોનો એક દિવસીય શિબિર થકી યુવાનોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

### સ્વામી વિવેકાનંદ મહાનુભવોની નજરે...

“બંગાળના યુવાનોની
આજની બધી પ્રવૃત્તિના મૂળમાં
સ્વામી વિવેકાનંદનો સંદેશ જ છે.
એ મનુષ્યના આત્માને સાદ દે છે,
એની આકૃતિને નહીં.”

~ કવિવર રવીન્દ્રનાથ ટાગોર

“જેમનો જન્મદિવસ આજે ઉજવાઈ રહ્યો છે
તે સ્વામી વિવેકાનંદની પુણ્યસ્મૃતિને
મારી શ્રદ્ધાંજલિ આપવા
હું અહીં (બેલૂર મઠમાં) આવ્યો છું.
એમનાં લખાણોનું મેં સારી રીતે અધ્યયન કર્યું છે
અને એ કર્યા પછી મારા દેશ માટે
મારો પ્રેમ હજાર ગણો વધ્યો છે.”

~ મહાત્મા ગાંધી

# • ઓએસિસનાં અન્ય પ્રકાશનો વિશે માહિતી

## ઓએસિસનાં પ્રકાશનો

### પુસ્તકો

મહાન હૃદયોના સારેગમપધનિ (સંજીવ શાહ, ₹ ૫૦૦) • નૂતન વિશ્વના પ્રભાતનો કલરવ (સંજીવ શાહ, ₹ ૨૦૦) • અધરો છે આ પ્રેમ ને અધરા છે આશીર્વાદ! (સંજીવ શાહ, ₹ ૧૩૦) • જવાબ માગે છે જિંદગી! (સંજીવ શાહ, ₹ ૧૬૪) • જીવવું એટલે ચાહવું એટલે શીખવું! (સંજીવ શાહ, ₹ ૩૦૦) • સમરહિલ (એ. એસ. નીલ, ₹ ૩૫૦) • સ્નેહ, સારવાર અને ચમત્કાર (ડૉ.બર્ની.એસ.સીગલ, ₹ ૪૦૦) • આખરે... આઝાદ! (ડેનિયલ ગ્રીનબર્ગ, ₹ ૨૦૦) • હૃદયે ક્રાંતિ (સંજીવ શાહ, ₹ ૩૫૦) • અધ્યાત્મની શોધમાં (સંજીવ શાહ, ₹ ૪૫૦) • સ્વતંત્રતા- નહીં કે સ્વેચ્છાચાર! (એ. એસ. નીલ, ₹ ૨૦૦) • અલ્પ છે જીવન, કે ગાફેલ માણસ છે? (સંજીવ શાહ, ₹ ૧૬૦) • સદીઓનું શાણપણ (લિયો તોલ્સતોય, અનુ. સંજીવ શાહ, ₹ ૬૦૦) • જીવનની ભેટ (સં. સંજીવ શાહ, ₹ ૪૦૦)

### ચિંતનપોથીઓ

મહાન હૃદયોનો મૌન ઘુઘવાટ (સંજીવ શાહ, ₹ ૬૦) • પ્રભાતનો કલરવ (સંજીવ શાહ, ₹ ૭૦) • મહાન હૃદયોની શ્રવણકલા (સંજીવ શાહ, ₹ ૧૫૦) • જીવનમાં પૂરી હિંમતથી ગીત તમારું ગાજો! (સંજીવ શાહ, ₹ ૧૨૦) • જિંદગી (સંજીવ શાહ, ₹ ૧૫૦) • પ્રેમ (સંજીવ શાહ , ₹ ૧૨૦) • હાકલ (સં. સંજીવ શાહ, ₹ ૧૨૦) • પ્રેમાળ બનવાની કળા (એરિક ફ્રોમ, ₹ ૧૬૦) • શિક્ષકનો સેવાધર્મ (જે. કૃષ્ણમૂર્તિ, ₹ ૭૦) • લાગણીઓના ઝંઝાવાતમાં મહેકી... (સંજીવ શાહ, ₹ ૫૦) • भावनाओं के तूफान में भी महक... (संजीव शाह, ₹ ५०) • What Then Must We Do? (Leo Tolstoy, ₹ 70) • જ્યારે હું મને ખૂબ ગમવા લાગ્યો! (સંજીવ શાહ, ₹ ૨૦) • જ્યારે સંબંધો મને ખૂબ ગમવા લાગ્યા! (સંજીવ શાહ, ₹ ૨૦) • ...એનું નામ શક્તિ! (સંજીવ શાહ અને ઓએસિસના તરુણો, ₹ ૨૫) • પરીક્ષા શિક્ષણની! (સંજીવ શાહ, ₹ ૨૫) • શીખતાં શીખવતા (સંજીવ શાહ, ₹ ૬૪) • સદીઓનું શાણપણ (સંક્ષિપ્ત) (લિયો તોલ્સતોય, અનુ અને સં. સંજીવ શાહ, ₹ ૧૫૦)

### ભેટ શ્રેણી

જીવનની ભેટ - ૧ / ૨ / ૩ (સંજીવ શાહ, ₹ ૬૧) • હું છું પોલિયાના! (પુનઃકથનઃ ક્ષમા કટારિયા, ₹ ૩૦) • પ્રેમની ભેટ (સંજીવ શાહ, ₹ ૩૬) • સદ્કુટુંબની ભેટ (સંજીવ શાહ, ₹ ૩૦) • કાર્યક્ષમતાની ભેટ (સંજીવ શાહ, ₹ ૩૨) • સમૃદ્ધિની ભેટ (સંજીવ શાહ, ₹ ૧૨) • સફળતાની ભેટ (સંજીવ શાહ, ₹ ૧૦) • સ્વાવલંબનની ભેટ (સંજીવ શાહ, ₹ ૧૬) • સ્વવિકાસની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૦) • નારી-જીવનની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૧) • લગ્નસંબંધની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૦) • સંતાન-ઉછેરની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૫) • ચારિત્ર્યની ભેટ (અનુ. સંજીવ શાહ, ₹ ૪૦) • પસંદગીની ભેટ (સંજીવ શાહ, ₹ ૧૦) • કેળવણીની ભેટ (સંજીવ શાહ, ₹ ૩૦) • પ્રૌઢાવસ્થાની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૫) • સમર્પણની સાધના (સંજીવ શાહ, ₹ ૫૦) • એક્ઝામ કી ઐસી કી તૈસી! (સંજીવ શાહ, ₹ ૨૦) • રિઝલ્ટ કી ઐસી કી તૈસી! (સં. મેહુલ પંચાલ, ₹ ૨૦) • એક પિતાનો માફી-પત્ર (સંજીવ શાહ, ₹ ૨૫) • લિખિતંગ તમારા બગડેલા વિદ્યાર્થીઓ (સિક્રેટ સુપરસ્ટાર્સ, સં. સંજીવ શાહ, ₹ ૧૫૦) • The Gift of Life ( Sanjiv Shah, ₹ 25) • The Gift of Family (Sanjiv Shah, ₹ 30) • The Gift of Prosperity (Sanjiv Shah, ₹ 15) • The Gift of Success (Sanjiv Shah, ₹ 12) • The Gift of Leadership (Sanjiv Shah, ₹ 45)

### મહાન ચરિત્ર શૃંખલા

The Gift of Peace Pilgrim (₹ 15) • વારિસ- રણમાં ખીલેલું પુષ્પ (અનુ. ક્ષમા કટારિયા, ₹ ૨૧)

### અખંડ સ્વાસ્થ્ય શૃંખલા

આયુર્વેદની ભેટ (સંજીવ શાહ, ₹ ૧૪૦) • આરોગ્યની ભેટ (સંજીવ શાહ, ₹ ૨૫) • દાદીમા M.B.B.S.! (સં.ડો.પલ્લવી રાઉલજી, ₹ ૨૦)

### ખિસ્સાપોથી : સંવેદનાશિક્ષણ અને વિચારશિક્ષણ શ્રેણી


વેદના / ગુસ્સો / ડિપ્રેશન / અપરાધભાવ એટલે... (સંજીવ શાહ, ₹ ૩૨) • સુખ / દુ:ખ / ઈર્ષ્યા / લોભ એટલે... (સંજીવ શાહ, ₹ ૨૪) • વિચારવું / સિદ્ધાન્તો / સમસ્યા / શીખવું એટલે... (સંજીવ શાહ, ₹ ૪૦) • ધ્યેય / આત્મવિશ્વાસ એટલે... (સંજીવ શાહ, ₹ ૨૦) • ચારિત્ર્ય / પરિપક્વતા એટલે... (સંજીવ શાહ, ₹ ૧૨)

### ખિસ્સાપોથી : મહાન સિદ્ધાન્ત શૃંખલા

જીવન મુશ્કેલ છે (સંજીવ શાહ, ₹ ૮) • મારું જીવન મારી જ જવાબદારી છે (સંજીવ શાહ, ₹ ૮) • જે દુભવે છે, તે શીખવે છે (સંજીવ શાહ, ₹ ૮) • પ્રેમ એ લાગણી નથી, કર્મ છે (સંજીવ શાહ, ₹ ૮) • મારી દષ્ટિ જ મારું ચારિત્ર્ય (સંજીવ શાહ, ₹ ૮) • સાચી સફળતા, સાચું જીવવામાં (સંજીવ શાહ, ₹ ૮) • વાવીએ તેવું લણીએ (સંજીવ શાહ, ₹ ૮) • મારી ભાષા જ મારું શીલ (સંજીવ શાહ, ₹ ૮)

### કણિકાઓ

જીવન-કાવ્યોની ભેટ (સં.ડો.માયા સોની, ₹ ૩૦) • હૃદયવલોણું: સ્વ-ઘડતર / સંબંધ-ઘડતર (સંજીવ શાહ, ₹ ૨૪) • An Oasis of Thoughts - Love / Life / Friendship / Character (₹ 48)


હાકલ
જોઈએ છે ભારતને
આવાં વીરો અને વીરાંગનાઓ
મૂળ વિચારો:
સ્વામી વિવેકાનંદ
સંપાદન અને રજૂઆત:
સંજીવ શાહ

*“**Never** be weak,*
*you must **be strong**;*
*you have **infinite strength within you**”*

*- Swami Vivekananda*


**Oasis Movement**

2nd Floor, Shalin Apartment, 52, Haribhakti Colony,
Race Course, Vadodara-390007, Gujarat, India

Teleflex: +91-265-2321728
Email: info@oasismovement.in